<u>અમદાવાદનાં ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ , અમદાવાદ</u>

**ફોજદારી કેસ નં. ૮૪૭૫ / ૨૦૨૩**

<u>ફરીયાદી</u> : સરકારશ્રી

**<u>વિરુધ્ધ</u>**

<u>આરોપીઓ</u> : સંદીપભાઈ દિલીપભાઈ દરજી

**<u>-:: જજમેન્ટ ::-</u>**

આરોપીઓએ બનાવની તારીખે જુગાર રમી રમાડી મળી આવી આ અદાલતની હકુમતમાં જુગારધારા કલમ: ૧૨(અ) મુજબનો ગુનો કરેલ હોઈ, આ અદાલતમાં ચાર્જસીટ રજુ થયેલ છે.આરોપીઓએ કબુલાત પુરસીસમાં ગુનો કબુલ રાખેલ છે. જે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરેલ હોવાની ખાત્રી કરી, આ તેમનો પ્રથમ ગુનો હોઈ, ગરીબ માણસો હોઈ, આર્થિક પરિસ્થિતી અને નબળા સંજોગો ધ્યાનમાં રાખી ઓછો દંડ કરવા અરજ કરેલ છે. નામદાર ગુજરાત હાઈકોર્ટનાં ન્યાયમુર્તિ શ્રી જે.એન.ભટ્ટ સાહેબશ્રીનો ચુકાદો State of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 લક્ષમાં રાખી ઓછામાં ઓછી સજા દંડ કરવા અરજ કરેલ છે. જેથી નીચે મુજબ હુકમ કરું છું.

**<u>:: હુકમ ::</u>**

આરોપીઓને ક્રિ.પ્રો.કોડની કલમ:૨૫૨ અન્વયે જુગાર ધારા કલમ:૧૨ (અ)ના ભંગ બદલ તકસીરવાર ઠરાવી પ્રત્યેક આરોપી દીઠ રૂા. ૭૦૦/- (અંકે રૂપિયા સાતસો પૂરા) દંડ કરવામાં આવે છે. આરોપીઓની ઉંમર જોતાં તેમજ તેમનાં પરની જવાબદારી ધ્યાને રાખતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો State of Gujarat Versus Natwar Harchandji Thakor 2005 (1) GLR 709 લક્ષમાં રાખતા સજા કરવામાં આવતી નથી. જો આરોપીઓ દંડ ન ભરે તો દિન-૫(પાંચ) ની સાદી કેદની સજા ભોગવાની રહેશે. મુદામાલ રોકડ અપીલ સમય બાદ સરકાર દાખલ કરવી. જો સદર કામે કબજે થયેલ મુદ્દામાલ મોબાઈલ સંબંધે વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ કરવો, અન્યથા માલિકની ખરાઈ કરી પરત કરવો. બાકીના મુદ્દામાલનો નાશ કરવો. આરોપીઓએ **રૂા.૭૦૦/- (અંકેરૂપિયા સાતસો પુરા)** દંડ ભરવો.

હુકમ આજ તારીખ : ૧૩ મી મે સને ૨૦૨૩ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં જાહેર કર્યો.

અમદાવાદ
તા.૧૩/૦૩/૨૦૨૩

**(એચ. એસ. દવે )**
ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
અમદાવાદ
જજ કોડ નં.જી.જે.૦૦૬૯૩.